## અશ્વિનીકુમાર ફૂલ માર્કેટમાંથી આઈફોનની ચોરી

સુરતઃ અમરેલીના બગસરાના વતની અને હાલ પુણાની ગજાનંદ સોસાયટીમાં રહેતા ૨૯ વર્ષીય વિવેક કાકડીયા ગણેશ વિસર્જનની સવારે મિત્રો સાથે અશ્વિનીકુમાર ઓવરબ્રિજ નીચે આવેલા ફૂલ માર્કેટમાં ફૂલો ખરીદવા ગયા હતા. દરમિયાન કોઈ ચોર તેમનો 45 હજારનો આઈફોન ચોરી ગયો હતો. આ બનાવમાં વરાછા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વરાછામાં થયેલી હત્યા કેસમાં આરોપીઓનો છૂટકારો

સુરતઃ તા.૬/૧૦/૨૦૨૨ના રોજ રાત્રે વરાછા આષીશ હોટલના વેટર દિપક મહાકુડની હત્યા થઈ હતી. આ કેસમાં વરાછા પોલીસે ધીરજકુમાર શ્રીરામ પ્રજાપતી અને અભયસિંગ ઉર્ફે બલરામ ગુલાબસિંગની ધરપકડ કરી હતી. કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બચાવ પક્ષે વકીલ પી.ટી. રાણાની દલીલો ગ્રાહ્ય રાખી એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કર્યો હતો.

## અમરોલીમાં પત્નીની બીમારીના ટેન્શનમાં પતિનો આપઘાત

સુરતઃ અમરોલી કોસાડ આવાસ ખાતે રહેતા ૩૨ વર્ષીય શાકભાજી વિક્રેતા સુરેશ સોલંકીએ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. તેમની પત્ની છેલ્લા ૧૨ વર્ષથી માનસિક બીમારીના કારણે પિયરમાં રહેતી હતી. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ પત્નીની સતત બીમારીથી ટેન્શનમાં આવી જઈને બે બાળકોના પિતા સુરેશે અંતિમ પગલું ભર્યું હતું.

## આભવા ચોકડી પાસે ટ્રક પાછળ અથડાતાં કોન્ટ્રાક્ટરનું મોત

સુરતઃ અલથાણ સ્થિત વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા અને મૂળ સાણંદના ૩૮ વર્ષીય બાંધકામ કોન્ટ્રાક્ટર અનિરુદ્ધસિંહ ગોહિલનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. આભવા ચાર રસ્તા પાસે સ્કૂટર આગળ જતી ટ્રક પાછળ અથડાતાં હોસ્પિટલ ખસેડતાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ડ્રીમ સિટી પોલીસે આ અંગે કાર્યવાહી આદરી છે.

## ડુમસ દરિયામાં ડૂબેલા રિહાનનો 7 દિવસ બાદ મૃતદેહ મળ્યો

સુરત : ડુમસ દરિયામાં ગણેશ મંદિર પાછળ નાહતી વખતે પાણીમાં ખેંચાઈ ગયેલા ઉધનાના બે મિત્ર પૈકી ૧૭ વર્ષીય રિહાન કુરેશીનો મૃતદેહ 7 દિવસ બાદ કેડિયાબેટ કિનારેથી મળ્યો છે. અગાઉ તેના મિત્ર ઈકબાલનો મૃતદેહ મરોલી કિનારેથી મળ્યો હતો. સાડી ફોલ્ડિંગનું કામ કરતા યુવકના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

## કેસ પાછો ખેંચવા જ્વેલર્સ પર હુમલો કરનાર ઝડપાયો

સુરત : સરથાણામાં દિલ્હીનો 50 ગ્રામ સોનાના કડાની લૂંટનો કેસ પાછો ખેંચવા બાબતે ઝઘડો થયો હતો. મોટા વરાછાના જીજ્ઞેશ જીયાણી અને તેના સાગરીતે દામનગરના સોની દિલીપભાઈ આલગીયા પર સળિયાથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. સરથાણા પોલીસે ગુનો નોંધી વરાછાની ઓમકાર રેસિડેન્સીમાં રહેતા આરોપી બાંધકામ સુપરવાઈઝર જીજ્ઞેશ જીયાણીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય આરોપીની શોધખોળ ચાલુ છે.

## બાંદ્રા ટર્મિનસ-આઝમગઢ વચ્ચે સ્પે. ટ્રેનના ફેરા લંબાવાયા

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર 05184/05183 બાંદ્રા ટર્મિનસ-આઝમગઢ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવાયા છે. બાંદ્રા ટર્મિનસથી દર સોમવારે ઉપડતી ટ્રેન નં.05184 બાંદ્રા ટર્મિનસ-આઝમગઢ સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 30 નવેમ્બર, તો આઝમગઢથી દર શનિવારે ઉપડતી ટ્રેન નં.05183 આઝમગઢ-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 28 નવેમ્બર સુધી લંબાવાયા છે.ટ્રેન નં.05184ના લંબાવાયેલા ફેરાનું બુકિંગ 4 ઓક્ટોબરથી શરૂ થશે.

---

**સુરત મનપાની સંકલન બેઠકમાં જનપ્રતિનિધિઓના આકરા તેવર, વ્યાપક રજૂઆતો**

# સંકલનમાં ટેન્ડર અને હોટફિક્સના મુદ્દા ગાજ્યા

**કુમાર** કાનાણીએ ગેરકાયદે બાંધકામ મુદ્દે અધિકારીઓને ઘેર્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં શનિવારે સાંસદ અને ધારાસભ્યોની સંકલન મીટિંગ યોજાઈ હતી. આ બેઠકમાં મનપાના વિવિધ પ્રોજેક્ટ્સમાં કોન્ટ્રાક્ટરો દ્વારા અતિશય નીચા ભાવે ભરાતા ટેન્ડરોથી કથળતી ગુણવત્તા અને શહેરમાં પ્રાથમિક સુવિધાઓના મુદ્દે રાજ્ય મંત્રી અને ધારાસભ્યોએ તંત્ર સમક્ષ આક્રમક રજૂઆતો કરી હતી. સંકલન બેઠકમાં જનપ્રતિનિધિઓએ પ્રજાલક્ષી પ્રશ્નોને વાચા આપીને મનપા તંત્રને કામગીરીમાં સુધારો લાવવા સ્પષ્ટ સંદેશો આપ્યો હતો. વરાછા વિસ્તારમાં ગાર્બેજ કલેક્શન વાહનોની સંખ્યા વધારીને હોટફિક્સ કચરાના યોગ્ય નિકાલ માટે ખાસ પ્લાનિંગ કરવા સૂચન કર્યું હતું.

### હોટફિક્સના કચરા અને ગેરકાયદે બાંધકામ મુદ્દે કાનાણીની નારાજગી



કુમાર કાનાણીએ રહેણાંક વિસ્તારોમાં ચાલતા હોટફિક્સના કામો અંગે જણાવ્યું હતું કે, 50 ટકા કામગીરી રેસિડેન્શિયલ વિસ્તારોમાં થતી હોવાથી આ વિસ્તારો જાણે કોમર્શિયલમાં તબદીલ થઈ ગયા છે, વધુમાં, વરાછાના પુનીત નગરમાં રહેણાંક સોસાયટીમાં થતા કોમર્શિયલ બાંધકામ અંગે રહીશોના વિરોધ છતાં કોઈ કાર્યવાહી ન થતાં તેમણે રોષ ઠાલવ્યો હતો.

### ગોથાણ બ્રિજ અને ઓડિટોરિયમમાં સ્ટાફ માટે મોરડિયાની રજૂઆત



ધારાસભ્ય વિનુ મોરડિયાએ આઉટર રિંગ રોડ પર ગોથાણ પાસે ચાલી રહેલા રેલવે ઓવરબ્રિજનું કામ ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત, કતારગામ-સિંગણપોરના નવા ઓડિટોરિયમમાં મેનેજર સહિત પૂરતો સ્ટાફ ન હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને લાંબા સમયથી ખાલી પડેલી શાસનાધિકારીની જગ્યા કાયમી ધોરણે ભરવા માંગ કરી હતી.

### સચિન-તલંગપુરમાં પ્રાથમિક સુવિધા અને હોસ્પિટલની માંગ



ધારાસભ્ય સંદીપ દેસાઈએ પેન્ડિંગ કામો ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરી હતી. નવા ઉમેરાયેલા સચિન અને તલંગપુરમાં રસ્તા, ડ્રેનેજ અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ સત્વરે પૂરી પાડવા અને ત્યાં 50 બેડની નવી હોસ્પિટલ ઊભી કરવા માટે રજૂઆત કરી હતી. આ વિસ્તાર એસએમસીમાં થોડા સમય પહેલા જ સમાવાયો છે.

### નવરાત્રિ પહેલા સીસી રોડનાં કામો પૂર્ણ કરવા અરવિંદ રાણાની તાકીદ



પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદ રાણાએ સેન્ટ્રલ ઝોનમાં સીસી રોડ અને સર્ફેસિંગનાં બાકી કામો નવરાત્રિ પહેલાં પૂર્ણ કરવા માંગ કરી હતી. કોટ વિસ્તારમાં શેરી ગરબાનો ટ્રેન્ડ વધુ હોવાથી, ખેલૈયાઓને ઉબડખાબડ રસ્તાઓથી પડતી મુશ્કેલીઓ નિવારવા તેમણે તંત્રને સત્વરે કામગીરી શરૂ કરવા તાકીદ કરી હતી.

### નીચા ભાવનાં ટેન્ડરો અંગે પોલિસી બનાવવા રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાનું સૂચન

બેઠકમાં રાજ્યના મંત્રી પ્રફુલ્લ પાનશેરિયાએ વરાછા 'એ' અને 'બી' ઝોનનાં કેટલાંક અધૂરાં અને નબળાં કામોનો સંદર્ભ આપી ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગળાકાપ સ્પર્ધામાં કોન્ટ્રાક્ટરો અંદાજિત રકમ કરતાં ખૂબ નીચા ભાવે ટેન્ડર ભરે છે અને CVCની ગાઈડલાઈન મુજબ મનપાએ તેમને જ કામ આપવું પડે છે. આવા અવ્યવહારિક ભાવોના કારણે કામમાં વિલંબ થાય છે અને ગુણવત્તા જોખમાય છે. તેમણે મ્યુનિસિપલ કમિશનરને ટેન્ડરમાં મહત્તમ નીચા ભાવની મર્યાદા નક્કી કરવા લેખિત સૂચન કર્યું છે. પાલિકા તંત્રએ આને નીતિવિષયક બાબત ગણાવી સક્ષમ સત્તાધીશ કક્ષાએ નિર્ણય લેવાશે તેવી સ્પષ્ટતા કરી છે.



TENDER NOTICE
Sealed tenders are invited from the authorized Firms for stitching of police uniforms and net mosquito nylon. Stitching charges of police uniforms including traffic police Rs. 300/- per

---

# કૂતરાને પછાડી મારી નાંખવાના કેસમાં આરોપીનો છૂટકારો

**સાક્ષીઓની** જુબાનીમાં વિરોધાભાસ, કૂતરાને મારતા આરોપીને કોઈએ નજરે જોયો ન હોવાનું કોર્ટનું તારણ

સુરતઃ પાલનપોર ગામના આંબલી ફળિયામાં રખડતા કૂતરાનો પગ પકડી રોડ પર પછાડી મારી નાંખવાનો તથા ફરિયાદી હેમંત નેહાલચંદ જૈન અને તેની ભાભીને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના આરોપસર ચાલેલા ફોજદારી કેસમાં સુરતની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટએ આરોપી હિતેશ મનસુખભાઈ પટેલને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આ કેસની હકીકત મુજબ તા. 1 જૂન, 2020ના રોજ રાત્રે આરોપીએ રખડતાં કૂતરા સાથે ક્રૂરતા આચરી તેને મારી નાંખ્યો હતો અને ફરિયાદી તથા તેની ભાભીને ધમકી આપી હતી. આ કેસની ફરિયાદ અડાજણ પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. આ કેસમાં ફરિયાદી સહિત કુલ આઠ મૌખિક સાક્ષીઓ અને ઘટનાસ્થળના પંચનામા સહિત દસ્તાવેજી પુરાવા રજૂ કરાયા હતા. જોકે, કોર્ટ સમક્ષ મહત્ત્વનું એ બહાર આવ્યું કે ફરિયાદી સહિત કોઈ સાક્ષીએ આરોપીને કૂતરાને મારતા નજરે જોયો નહોતો. ફરિયાદીએ કૂતરાને મૃત હાલતમાં જોયું હોવાનું જણાવ્યું હતું, જ્યારે અન્ય સાક્ષીઓએ પણ બનાવ અંગેની માહિતી બાદ સ્થળે પહોંચ્યાની વાત કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે સાક્ષીઓની જુબાનીમાં મહત્ત્વના વિરોધાભાસ હતા. ફરિયાદ પક્ષે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કર્યા બાદ આરોપીને કલમ 428, 429, 506(2) તથા પ્રાણીક્રૂરતા નિવારણ અધિનિયમની કલમ 11(આઈ) હેઠળના તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતો.

---

# 7 લાખના ડૉલર-પાસપોર્ટ ભરેલી બેગ કુલીએ મુસાફરને પરત કરી

**જો સમયસર** પાસપોર્ટ અને ડોલર ન મળતે તો ડૉક્ટર USAની ફ્લાઈટ ચૂકી જાત



સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર એક કુલીની ઈમાનદારીના લીધે ડૉક્ટરનો યુએસ પ્રવાસ ખોરવાતા બચી ગયો હતો. સુરતના કતારગામ વિસ્તારના ડૉ. હરેશ વઘાસીયા યુએસએ (USA) જવા માટે સુરતથી મુંબઈ એરપોર્ટ જવા નીકળ્યા હતા. ઉતાવળમાં તેઓ પોતાની એક અત્યંત મહત્ત્વની કિંમતી બેગ પ્લેટફોર્મ નંબર બે પર જ ભૂલી ગયા હતા. આ બેગમાં ઓરિજિનલ પાસપોર્ટ, વિઝાના દસ્તાવેજો અને આશરે 6થી 7 લાખ રૂપિયાની કિંમતના અમેરિકન ડૉલર સહિતની કિંમતી સામગ્રી હતી. ડૉક્ટર બેગ વિના જ ટ્રેનમાં બેસીને મુંબઈ જવા રવાના થઈ ગયા હતા. દરમિયાન પ્લેટફોર્મ પર હાજર કુલીને આ બેગ મળતાં તેણે કુલી સહાયક મનિષ વણઝારાને જાણ કરતાં મનીષે બેગ પરથી મળેલા નંબરના આધારે ડોકટરને ફોન કર્યો હતો. આ સમયે ડૉક્ટર ટ્રેનમાં વાપી સુધી પહોંચી ચૂક્યા હતા. ડોકટરે તરુતં પોતાના પરિચિતને સ્ટેશને મોકલી બેગ મેળવી લીધી હતી. ડૉક્ટર પરિવારે મનીષ વણઝારાની આ ઉમદા ભાવનાને બિરદાવી હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

---

### ઉધનામાં સંજયનગર ઝૂંપડપટ્ટીમાં આગ, ત્રણ ઝૂંપડાં ઝપેટે



શહેરના ઉધના રોડ પર આવેલી સંજયનગર ઝૂંપડપટ્ટીમાં શનિવારે સવારે એક બંધ ઝૂંપડામાં અચાનક આગ બાદ અન્ય બે ઝૂંપડાં ઝપેટે આવતાં ત્રણેય ઝૂપડાં બળી ગયાં હતાં. આગના કારણે જીવ બચાવવા માટે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આ બનાવમાં ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી પોણો કલાકમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

---

# સગીરાના દુષ્કર્મ કેસમાં યુવકને ૨૦ વર્ષની સજા

**આરોપી** કોલ રેકોર્ડિંગ ભોગ બનનારનાં માતા-પિતાને સંભળાવી દેવાની ધમકી આપતો હતો

સુરતઃ લિંબાયતમાં સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે વરાછાનાં આરોપી પ્રદિપ દેવેન્દ્ર રથને ૨૦ વર્ષની કેદની સજા ફટકારી હતી.

તા ૬ જુલાઈ ૨૦૨૪ના રોજ ભોગ બનનાર સગીરા શાળાએથી ઘરે આવ્યા બાદ કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. સગીરા ઘરે પરત ન આવતા પરિવારજનોએ આસપાસ અને રેલવે-બસ સ્ટેશને શોધખોળ કરી હતી, પરંતુ ભાળ ન મળતા લિંબાયત પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન સગીરા કતારગામ કુબેરનગર વિસ્તારમાંથી મળી આવી હતી. સગીરાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે આરોપી તેને ભાડાના રૂમમાં લઈ ગયો હતો અને ત્યાં તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. ભોગ બનનારની સાથે દુકાનમાં કામ કરતી વખતે આરોપીની ઓળખાણ થઈ હતી. ફોન પર વાત કરતી વેળા આરોપીએ કોલ રેકોર્ડિંગ કરી તેના માતાપિતાને રેકોર્ડિંગ સંભળાવી દેવાની ધમકી આપતો હતો. લિંબાયત પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે એપીપી વિશાલ ફળદુ કેસ પુરવાર કરવા માં સફળ થતાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી પ્રદિપ દેવેન્દ્ર રથને ૨૦ વર્ષ ની કેદની સજા અને ૬૦ હજાર નો દંડ ફટકાર્યો હતો.

---

# ટ્યુશન ટીચર સાથે લગ્નની લાલચે દુષ્કર્મ, રૂ.૮.૯૩ લાખની ઠગાઈ

**ડિંડોલીની** યુવતી સાથે ઈન્સ્ટા પર દોસ્તી કેળવી શારીરિક સંબંધ બાંધ્યા

**પૈસા** પરત માંગતાં જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ફરિયાદ

સુરત : મૂળ ઉત્તર પ્રદેશના ગોરખપુર અને હાલ ડીંડોલીમાં પરિવાર સાથે રહેતી ૨૬ વર્ષીય યુવતી પોતાના ઘરે ટેરેસ પર ટ્યુશન ક્લાસ ચલાવે છે. વર્ષ ૨૦૨૦માં ઈન્સ્ટાગ્રામ પર 'mr-yogi-prajapati' નામના આઈડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવતા તેણે સ્વીકારી હતી. સામા પક્ષે યોગેશ બાબુભાઈ પ્રજાપતિ (રહે. શિવાજીપાર્ક સોસાયટી, નવાગામ, ડિંડોલી) સાથે વાતો શરૂ થઈ હતી.

અવારનવાર વાતચીત બાદ દોસ્તી પ્રેમ સંબંધમાં પરિણમી હતી. યોગેશે 'હું તારી સાથે લગ્ન કરી લઈશ' તેવી લાલચ આપી યુવતીના ઘરે અવારનવાર તેની મરજી વિરુદ્ધ તથા વિશ્વાસમાં લઈ શારીરિક સંબંધ બાંધ્યા હતા. દરમિયાન એચડીએફસી બેંકમાં નોકરી કરતા યોગેશની સને ૨૦૨૪માં નોકરી છૂટી ગઈ હતી. નાણાંની તંગી ઊભી થતાં તેણે યુવતીના નામના એસબીઆઈ, યસ બેંક, ફેડરલ બેંક, કોટક બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને આરબીએલ બેંકના મળી કુલ ૬ ક્રેડિટ કાર્ડ પોતાના વપરાશ માટે મેળવી લીધા હતા.

ઉપરાંત તેણે યુવતી પાસે હોમ ક્રેડિટ એપ્લિકેશન મારફતે રૂ.૧.૫૦ લાખની પર્સનલ લોન લેવડાવી ક્રેડિટ કાર્ડની લિમિટ વધારી અંગત ખર્ચ કરી લીધો હતો. યોગેશે ૬ ક્રેડિટ કાર્ડ અને લોનના બાકી લેણાં રૂ.૫,૪૩,૧૨૧ તથા ટુકડે-ટુકડે રોકડા ૩.૫૦ લાખ મળી કુલ રૂ.૮,૯૩,૧૨૧ વાપરી નાંખ્યાં હતા. દરમિયાન યુવતી મુંબઈ ખાતે દાદીના ઘરે ગઈ ત્યારે પરિજનોને આ અંગે જાણ થતાં તેમણે પુત્રીને ઠપકો આપ્યો હતો. યુવતીએ યોગેશ પાસે લગ્ન કરવાનો આગ્રહ રાખતા તેણે 'મારા છૂટાછેડા થઈ જાય બાદમાં લગ્ન કરીશ' કહી વાયદા આપ્યા હતા. યુવતીએ નાણાં પરત માંગતાં યોગેશે ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે યુવતીએ યોગેશ પ્રજાપતિ વિરુદ્ધ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## સ્કૂલ બેગમાં ગાંજાનો જથ્થો લઈ નીકળેલો ગેરેજવાળો ઉધનામાં ઝડપાયો

સુરતઃ સુરત શહેરમાં ચાલી રહેલા 'NO DRUGS IN SURAT CITY' અભિયાન અંતર્ગત ઉધના પોલીસે બાતમીના આધારે પ્રભુનગર વિસ્તારમાંથી એક યુવકને ગાંજા સાથે ઝડપી પાડ્યો છે. મૂળ મહારાષ્ટ્રના અને હાલ ડિંડોલી વિજયનગર ખાતે રહેતા 23 વર્ષીય ગેરેજવાળા મોહન ઉર્ફે ચીકુ ભીમરાવ સાતપુતેની સ્કૂલ બેગમાંથી પોલીસે 3,01,200ની કિંમતનો 6.024 કિલો ગાંજો કબ્જે કર્યો છે. પોલીસે મોબાઈલ અને બેગ સહિત 3,06,200નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો ઉધના પ્રભુનગરના બ્રહ્મા ઉર્ફે ધીરજ પંડીત પાસેથી મેળવી ભાગવતને આપવાનો હોવાનું સામે આવતાં પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કર્યા છે.

---

# સુરતના આઠ જિનાજ્ઞા આરાધક જૈનસંઘો દ્વારા રવિવારે રથયાત્રા

**રથયાત્રામાં** હાથી, ઘોડા, ફ્લોટ સાથે બેન્ડ, રજવાડી બળદગાડા અને હજારો જૈન સમુદાય જોડાશે

સુરતઃ સુરત શહેરના આંગણે પર્યુષણ મહાપર્વના કર્તવ્યના પાલનરૂપે તપાગચ્છિય સમસ્ત આઠ આઠ જિનાજ્ઞા આરાધક જૈનસંઘો દ્વારા સૌ પ્રથમવાર એક સામુહિક બૃહદ્ રથયાત્રાનું ભવ્ય આયોજન "સૂરિરામચન્દ્ર" તથા "સૂરિશાંતિચન્દ્ર" સમુદાયના અનેક આચાર્ય ભગવંતો - ઉપાધ્યાયજી ભગવંતો, પંન્યાસજી ભગવંતો, ગણિવર્ય ભગવંતો આદિ ૩૦૦ થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં થશે.

આ રથયાત્રામાં સુરત શહેરના આઠ-આઠ જૈન સંઘોમાં ચાતુર્માસ બિરાજમાન તથા મહાપર્વની આરાધના કરાવનારા ગુરુભગવંતો પધારશે. મહારથયાત્રાના પ્રમુખ નિશ્રાદાતા તરીકે આ.વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા, આ. વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા, આ. વિજય ભવ્યભૂષણસૂરીશ્વરજી મહારાજા રહેશે. રથયાત્રા ફોનિક્સ મુક્તિમહાનગરી (વેસુ), કલ્યાણ મંદિર (વેસુ), પાર્લ પોઈન્ટ,વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવન, શાંતિ-કનક (કૈલાસનગર), અડાજણ ડોમ વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવન, શાંતિવર્ધક(પાલ), છાપરીયા શેરી વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવન, ગોપીપુરા,વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવન આદિ જૈનસંઘો દ્વારા થશે.

આ મહારથયાત્રામાં 2-ગજરાજો, મોટી સંખ્યામાં ઘોડેસ્વારો, બે બે ઉપકારી ગુરુભગવંતોના ફ્લોટ, સૂરિ રામચંદ્ર અને સૂરિ શાંતિચંદ્ર સમુદાયમાં દીક્ષિત થનારા મુમુક્ષુ રત્નો, માસક્ષમણ અને સિદ્ધિતપ કે તેથી ઉપરના તપસ્વીઓનો ફ્લોટ, શ્રી શત્રુંજય મહાતીર્થની 500મી સાલગિરી નિમિત્તનો એક વિશેષ ફ્લોટ, 45 આગમનો ફ્લોટ, પાઠશાળાના બાળકો, બેડા લઈને ચાલતી બહેનો, લાઈવ ટ્રેલર, પરમાત્માના બે રથ, રજતમય પાલખીઓ, કાષ્ઠની પાલખી, અનેક વિધ જાત જાતની મંડળીઓ, સોનગઢ નું બેન્ડ, શુકન સામગ્રી સાથેના રજવાડી બળદ ગાડા, વિશિષ્ટ અનુકંપા, પૂજાના વસ્ત્રોમાં શ્રાવકો ખેંચશે પરમાત્માનો વિશાળ રથ, જિનશાસનની વિજયપતાકાઓ વગેરે અનેક આકર્ષણો રહેશે.

---

# પાંડેસરાની 16 વર્ષની સગીરા પર વેસુ-સિટીલાઈટના ફ્લેટમાં દુષ્કર્મ

**બે** યુવાને ફરવા લઈ જવાના બહાને ફસાવી અલગ-અલગ ફ્લેટમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું

સુરત : પાંડેસરામાં રહેતી ૧૬ વર્ષીય સગીરાને મધુર વાતોમાં ભોળવી તથા ફરવા લઈ જવાના બહાને વેસુ અને સિટીલાઈટ વિસ્તારમાં આવેલા ફ્લેટમાં લઈ જઈ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની ચકચારભરી ઘટના સામે આવી છે. આ મામલે સગીરાની વિધવા માતાએ પાંડેસરા પોલીસ મથકે દિવ્યેશ અને રોશન નામના બે યુવકોએ આચરેલા કુકર્મની તમામ હકીકત જણાવતા ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આશરે ત્રણેક મહિના પહેલાં (જુલાઈ ૨૦૨૬માં) સગીરા તેની બહેનપણી સાથે કૈલાશ ચોકડી ખાતે પાણીપુરી ખાવા ગઈ હતી. ત્યાંથી બંને અલથાણ ખાડી તરફ જઈ રહી હતી ત્યારે દિવ્યેશ નામનો યુવક એક્સેસ મોપેડ લઈને આવ્યો હતો. દિવ્યેશ બંનેને અલથાણ ગાર્ડન ખાતે ફરવા લઈ ગયો હતો. ત્યારબાદ દિવ્યેશ સગીરાને વેસુ વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં લઈ ગયો હતો, જ્યાં તેણે સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ ઘટનાના બે દિવસ બાદ ફરીથી દિવ્યેશ સગીરાને વેસુના ફ્લેટમાં લઈ જઈને બીજીવાર દુષ્કર્મ આચર્યું હતું. આ સિવાય આશરે બે મહિના પહેલાં સગીરા તેની બહેનપણી સાથે સિટીલાઈટ, અશોક પાન સેન્ટર પાસે આશિયાના બિલ્ડિંગ ખાતે ગઈ હતી, જ્યાં રોશન નામના યુવકે પણ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. દસ-પંદર દિવસથી સગીરાના પિરિયડ્સ બંધ થઈ જતાં માતા-બહેનની પૂછપરછમાં આ ગંભીર ઘટના પ્રકાશમાં આવી હતી.

---

**સુરતમાં લર્નિંગ લાઇસન્સની ફેસલેસ સિસ્ટમ બની મુસીબત**

# RTOનું અવનવું: પહેલાં પાસ, પછી વાયોલેશનના બહાને ફેઈલ!

**મહિનામાં** 40થી વધુ અરજદારોને ફેઈલ કરાયા, 900 રૂપિયાની ફીનું રિફંડ પણ મળતું નથી

સુરતઃ આરટીઓ દ્વારા લર્નિંગ લાઈસન્સ મેળવવા માટે શરૂ કરવામાં આવેલી ફેસલેસ ઓનલાઈન સિસ્ટમ સુરતમાં હાલ અરજદારો માટે ભારે હાલાકી અને પરેશાનીનું કારણ બની રહી છે. ઓનલાઈન પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી દીધા બાદ પણ અરજદારોને પાસ થયાના મેસેજ મળે છે, અને ત્યારબાદ અચાનક વાયોલેશન થયાનું કારણ ધરીને તેમને ફેઈલ જાહેર કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની ટેકનિકલ અનિયમિતતાઓને કારણે નાગરિકોમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે.

આ સિસ્ટમની સૌથી મોટી ખામી એ છે કે ઓનલાઈન એક્ઝામ માટે અરજદારે રૂ.900 જેવી માતબર ફી ચૂકવવી પડે છે. એક્ઝામ પાસ કર્યા પછી પણ સિસ્ટમની ક્ષતિને લીધે ફેઈલ કરાયેલા અરજદારોને આ ફી પરત મળતી નથી. પરિણામે, નાગરિકોએ ફરીથી રૂ.900 ની નવી ફી ભરીને ફરીથી પરીક્ષા આપવાની ફરજ પડી રહી છે, જેના કારણે ગ્રાહકો કે અરજદારો પર બેવડો આર્થિક બોજ પડી રહ્યો છે. સુરત આરટીઓ કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓનલાઈન એક્ઝામમાં ફેઈલ થવાના આવા કેસોમાં સ્થાનિક કક્ષાએ કોઈ ઉકેલ લાવી શકાતો નથી. હાલ સુરત આરટીઓમાં રોજની 4થી 5 ફરિયાદ નોંધાઈ રહી છે, જ્યારે છેલ્લા એક જ મહિનામાં 40થી વધુ ફરિયાદો સામે આવી ચૂકી છે.

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે આરટીઓ કક્ષાએથી ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં આવી છે કે, આવા કિસ્સાઓમાં અરજદારો પાસેથી ફરી પરીક્ષા માટે રૂ.900 ના બદલે માત્ર રૂ.50ની સામાન્ય ફી લેવામાં આવે. જો કે, આ બાબતે હજુ સુધી સત્તાવાર રીતે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

---

# સુરતમાં 79 રેસ્ટોરન્ટમાં તપાસ, 39ને નોટિસ

**આરોગ્ય** વિભાગ અને ફૂડ સેફ્ટીની ટીમ દ્વારા 69 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરાયો

સુરત : શહેરના તમામ ઝોનમાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતી રેસ્ટોરન્ટ્સમાં આરોગ્ય વિભાગ અને ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમો દ્વારા તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન રેસ્ટોરન્ટ પરિસરની સ્વચ્છતા, કિચનનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વપરાશમાં લેવાતા પાણી અને કાચા માલની ગુણવત્તા, કર્મચારીઓની શારીરિક સ્વચ્છતા અને મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ તેમજ કચરા અને ગટરના પાણીના નિકાલની વ્યવસ્થાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. સમગ્ર ઝોન મળી કુલ 79 જેટલી સંસ્થાઓમાં ચેકિંગ હાથ ધરીને નિયમોનું ઉલ્લંઘન કરતી 39 સંસ્થાઓને નોટિસ પાઠવવામાં આવી હતી અને સ્થળ પરથી 32 શંકાસ્પદ નમૂના લેવાયા હતા.

સુરત મનપાના તમામ ઝોનમાં કરાયેલી આ સઘન તપાસ દરમિયાન શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂના લેવાની કામગીરી સાથે કડક વહીવટી પગલાં ભરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન બિનઆરોગ્યપ્રદ જણાયેલો આશરે 69 કિલોગ્રામ જેટલો ખાદ્યજથ્થો નાશ કરવામાં આવ્યો હતો અને ક્ષતિઓ બદલ વિવિધ રેસ્ટોરન્ટ્સ પાસેથી કુલ 1,31,400 વહીવટી ખર્ચ પેટે વસૂલ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ગ્રાહકો બેઠક વ્યવસ્થા વાળી જગ્યા પરથી જ રસોડાની પ્રવૃત્તિઓ જોઈ શકે તે માટે કિચન પરિસરમાં સીસીટીવી કેમેરા લગાવી તેનું લાઈવ પ્રસારણ પ્રદર્શિત કરવા માટે સંચાલકોને જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી.